પર્વો અને ઉત્સવોની ઉજવણીની અનોખી પરંપરા એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ રહી છે. આવું જ એક ત્રિદિવસીય સ્વપ્રદર્શી પર્વ કલોલ તાલુકાના નારદીપુર ગામે ગ્રામ સેવા મંદિર આયોજીત આજથી આરંભાયું છે. આજે નારદીપુર ખાતે શોભાયાત્રાનું આયોજન આ પર્વની ઉજવણીના સંદર્ભે કરાયું હતું. જેમાં ગ્રામ સેવા મંદિર સંચાલિત બાળ મંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, અને પી.ટી.સી. તેમજ બી.આર.એસ.ના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, વિદેશમાં વસતા નારદીપુર ગામના વતનીઓ, ૧૫થી વધુ ટ્રેકટરો તેમજ ભજન મંડળીઓ, સામાજિક આગેવાનો, વેપારી આગેવાનો, પૂર્વ વિદ્યાર્થીઓ આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા. બે કલાકથી પણ વધુ સમય ચાલેલી આ શોભાયાત્રા નારદીપુર ગામમાં ફરી હતી જેના ગ્રામજનોએ વધામણાં કર્યા હતા.

ગુડા વિસ્તારમાં નોલેજ કોરીડોર વિકસાવવા માટે ૪૦ કરોડ ખર્ચાશે

ભાઇજીપુરાથી પી.ડી.પી.યુ.ના ૪ કી.મી. માર્ગને ૮૦ મીટર પહોળો કરાશે : એલ ઇ ડી લાઇટનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૧

ગુડા વિસ્તારમાં વિકાસના અનેક વિધ આયામો વચ્ચે માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવે છે. જયારે ગીફટ સીટીને અનુલક્ષી સિગ્નેચર બ્રીજનુ પણ નિર્માણ કરાયુ છે.આગામી દિવસોમાં ભાઇજીપુરાથી પી ડી પી યુતરફના ૪ કી મીના માર્ગને નોલેજ કોરીડોર તરીકે વિકસાવવા માટે માર્ગને ૮૦ મીટર પહોળો કરવાનુ કામ હાથ ધરાશે. આ પ્રોજેકટ અન્વયે રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવશે. ગુડા વિસ્તારમાં રસ્તા અને સ્ટ્રીટ લાઇટના કામોમાં પણ ગતિ આવે તે મુજબનુ આયોજન કરાયુ છે. ગુડા વિસ્તારમાં વિકાસના નવા આયામો સાથે ગ્રીન

● અનુસંધાન પાન-૭ પર

મનપાના કાનૂની વિવાદમાં હવે બુધવારની મુદત પડી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાના કાનૂની વિવાદમાં આજે ૨૬મીની મુદત પડી છે.

રાજયની વડી અદાલતમાં ચાલી રહેલા કાનૂની વિવાદ અંગે નામદાર ન્યાયમૂર્તિ શ્રી પારડીવાલા સાહેબની કોર્ટમાં મેટર બોર્ડ પર આવી હતી. જેમાં રજુઆતને અંતે બુધવારને તા. ૨૬મીની મુદત આપવામાં આવી છે. ૨૬મી ડિસેમ્બરના રોજ હવે આ વિવાદોને લઈ સુનાવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ગાંધીનગર મનપામાં મેયરની ચૂંટણીનો મુદ્દો, પક્ષાંતર ધારા ભંગ કેસની તેમજ અંકિત બારોટની તેના મતાધિકારનું રક્ષણ કરવામાં આવે તેવી અલગ અલગ ત્રણ અરજીઓ પર સુનાવણી ચાલી રહી છે.

શહેરમાં ૨ હજાર જેટલા જોખમી મકાનો તબક્કવાર તોડી નંખાશે

સેકટરોમાં આવાસો અન્વયે હાથ ધરાયેલા સર્વેના અંતે ચિત્ર સ્પષ્ટ થયુ : વિભાગ કક્ષાએથી મંજુરીના અંતે તબક્કારવા જોખમી મકાનો તોડવામાં આવશે

ગાંધીનગર તા ૨૧

શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો છે. જયારે સેકટરોમાં દાયકાઓ જુના આ આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોય તેમ સર્વેના અંતે માલુમ પડયુ છે. સેકટરોમાં તબક્કાવાર આગામી દિવસોમાં ૨ હજાર જેટલા સરકારી મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરાશે. જો કે આ મકાનો રહેણાંક માટે ફાળવી શકાય તેવા ન હોવાથી જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરમાં ૨૦૪૮ જેટલા સરકારી મકાનો ફાળવી શકાય તેવા નથી. સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં ભયજનક મકાનોની સંખ્યા હાલ પણ વિશેષ છે. જેના લીધે શહેરમાં રહેણાંકને લાયક સરકારી મકાનોની સંખ્યા ઘટી છે.

● અનુસંધાન પાન-૭ પર

એકના એક જ અધિકારીઓને રજાના દિવસે એકઝામ ડ્યુટી સોંપાતા આક્રોશ

વર્ગ -૨ ના અધિકારીઓને પરીક્ષાની ફરજ સોંપાતા આક્રોશ : ડ્રો કરીને ફરજ સોંપાતી નથી એકના એક જ અધિકારીઓના નામ રીપીટ થતા હોવાનો ગણગણાટ

ગાંધીનગર તા ૨૧

ગુજરાત સરકારના વિવિધ વિભાગો દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજનના અંતે છેલ્લા એક મહીનાથી રવિવારે પણ નગરની શાળાઓ ધમધમતી જોવા મળી રહી છે. પરીક્ષાનો દૌર સતત ચાલુ હોવાથી પરીક્ષાની આનુસંગિક કામગીરીમાં સ્ટાફ તેમજ અન્ય જવાબદારી સોંપાતા સરકારી બાબુઓ પણ રજાના દિવસે પણ વ્યસ્ત રહે છે. એકબાજુ વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓનો ધમધમાટ યથાવત છે .ત્યારે રજાના દિવસે સરકારી અધિકારીઓને પરીક્ષામાં ઓબર્ઝવરની જવાબદારી સોંપી દેવામાં આવતી હોવાથી પ્રબળ રોષ પ્રવર્તયો છે. સ્પર્ધાત્મક પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાં મોટાભાગના શૈક્ષણિક બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.જયારે આ દરમિયાન સરકારના વર્ગ ૨ ના અધિકારીઓને પણ ઓબર્ઝવર તરીકે ફરજ સોંપવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પરીક્ષા ડયુટીમાં એક ના એક જ અધિકારીઓને ફરજ સોંપવામાં આવતી હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. આ મામલે ડ્રો સિસ્ટમ અપનાવવા માટે પણ ગણગણાટ થઇ રહ્યો છે. વાઈબ્રન્ટ સમિટના લીધે સરકારી અધિકારીઓ પર કામનુ ભારણ વધ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી-કર્મચારીઓ વર્ષોથી પડી રહેલા પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતા હડતાલ પર ઉતરી ગયા છે. આજે શહેરની બેંકો બંધ રહેતા લાખો-કરોડો રુપિયાનું ટર્ન ઓવર અટકી પડયું હતું. જયારે આગામી દિવસોમાં ચાર દિવસ હજુ પણ બેંક બંધ રહેતા આર્થિક વ્યવહારો પર મોટી અસર પડી શકે છે ત્યારે નગરજનોને નાણાંકીય ભીડનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઉભી થાય તો નવાઈ નહીં.

બેસણું / પ્રાર્થનાસભા

મારા પૂ. પિતાશ્રી હસ્કાન્ત વૃજલાલ ઝાટકિયા(ધારીવાળા) ચક્ષુદાતા ઉંમર વર્ષ ૭૨ તા. ૧૯-૧૨-૨૦૧૮ને બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું/પ્રાર્થનાસભા તા. ૨૩-૧૨-૨૦૧૮ને રવિવારના રોજ સવારના ૯ થી ૧૧ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૫૩૩, શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેકટર-૨૨, ગાંધીનગર

બીના ભદ્રેશ ઘેલાણી
આરતી કેનલ કોઠારી
ઉર્વી હિમાંશુ ઝાટકિયા
ચિ. ઈશા હિમાંશુ ઝાટકિયા

લી.

હિમાંશુ હસ્કાન્ત ઝાટકિયા
હિતેશ વૃજલાલ ઝાટકિયા
ચિ. અપૂર્વ હિતેશ ઝાટકિયા
ચિ. તિર્થ હિમાંશુ ઝાટકિયા

ફર્મ : "અરિહંત" (ગ્રુપ ઓફ શોપ્સ) મો. ૯૩૭૭૨ ૭૭૦૦૧

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ

સ્વ. વિરાભાઈ એચ. પટેલ

સ્વ. તા. ૨૨/૧૨/૨૦૧૭

હે નાથ જોડી હાથ, પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારું, એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો.
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

લિ.

ગં.સ્વ. કાન્તાબેન વિરાભાઈ પટેલ

પરિમલ વી. પટેલ — ભારતી પી. પટેલ
ડો. કૃણાલ વી. પટેલ — ડો. રીચા કે. પટેલ
ભરતકુમાર બી. પટેલ — પ્રિતી ભરતકુમાર પટેલ

હેતાર્થ પરિમલ પટેલ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જિલ્લાનો નવો કેડીટ પ્લાન જાહેર

ગત વર્ષની તુલનામાં ૧૨ ટકાનો વધારો કરાયો, સોલાર-ઉર્જાના ક્ષેત્રમાં ઘટાડો કરાયો : હાઉસીંગ ક્ષેત્રમાં પણ નોંધપાત્ર ફાળવણી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં બેંકોના

કેડિટ પ્લાનમાં રૂ. ૪૩૯ કરોડના વધારા સાથે ૩૮૪ કરોડથી વધુના ધિરાણ લક્ષ્યાંક સાથે આ કેડીટ પ્લાન રજુ કરાયો છે. જે ગત વર્ષની તુલનામાં ૧૨.૯૪ ટકાનો વધારો સૂચવે છે.

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાની વિશેષ ઉપસ્થિતિમાં નાબાર્ડ અને સીડબેંક દ્વારા આ કેડીટ પ્લાન જારી કરવામાં આવ્યો હતો.

૨૦૧૯-૨૦ના નવા કેડિટ પ્લાનમાં ૫૩.૧૬ ટકા હિસ્સો કૃષિ ધિરાણ માટે દર્શાવવામાં આવ્યો છે. જેમાં પાક ધિરાણ માટે સૌથી મોટો

● અનુસંધાન પાન-૭ પર

Walk in Interviews

Enhira Software Ltd

Wanted Data Entry Operators
Scanning Work
Qlf : 10th pass and above
Work in GandhiNagar, Ahmedabad and Nadiad

Contact on
GandhiNagar - 9712731955
Ahmedabad - 8264818203

ધિરાણ નીતિની આસપાસની કેટલીક વાતો

- ગાંધીનગર જિલ્લામાં નાના અને સિમાંત ખેડૂતો પાસે ૧.૪૪ હેક્ટર જેટલી જમીન છે. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષના કૃષિ ઉત્પાદનોની જે એવરેજ નોંધાઈ છે તે ધ્યાને લઈ નાબાર્ડ દ્વારા પોટેન્શીયલ લીંક કેડીટ પ્લાનમાં ૫૩ ટકા જેટલો હિસ્સો ફાળવવામાં આવ્યો છે.
- જિલ્લાના કેડીટ પ્લાનમાં પરંપરાગત ઊર્જાના વિકાસ માટે ખુબજ ઓછી રકમની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગરને સોલાર સીટી બનાવવામાં આથી ગતિ ધીમી પડશે એટલુ જ નહિ કૃષિ ક્ષેત્રે વીજ ઉત્પાદન માટે જે નીતિ સરકારે તૈયાર કરી છે તેમાં પણ ગતિ ધીમી પડશે તેમ મનાઈ રહ્યુ છે.
- નવા કેડીટ પ્લાનમાં જમીન વિકાસ, જમીન સુધારણા માટે ધિરાણની જોગવાઈ સૂચવવામાં આવી છે.
- શિક્ષણક્ષેત્રે ૩.૩૨ ટકા હિસ્સો ધિરાણની કુલ જોગવાઈના પ્રમાણમાં સુચવવામાં આવી છે.
- નાના અને મધ્યમ ઉદ્યોગોની સ્થાપના માટે ધિરાણ વધારવા જણાવાયુ છે જ્યારે તે માટેની વર્કીંગ કેપીટલનો હિસ્સો ઓછો રાખવા પાછળનો હેતુ સમજાતો નહિ હોવાનું અર્થશાસ્ત્ર અને બેંકિંગક્ષેત્ર સાથે સંકળાયેલ સૂત્રોનું કહેવુ છે.

નગર હજુ કાતિલ ઠંડીની ગિરફતમાં : પારો ૯.૫ ડિગ્રી

છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર રહેતા કોલ્ડવેવ યથાવત : મહત્તમ તાપમાન ૩ ડિગ્રી વધતા દિવસે ઠંડીમાં રાહત

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર સ્થિર થયો છે. ગઇકાલની જેમ આજે પણ લઘુત્તમ તાપમાન ૯.૫ ડિગ્રી રહ્યુ હતુ. જયારે બે દિવસ પુર્વે ઠંડીનો પારો ૭.૨ ડિગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડબ્રેક ઠંડી નોંધાઇ હતી. જો કે આજે મહત્તમ તાપમાન ૩ ડિગ્રી વધતા નગરજનોએ દિવસ દરમિયાન ઠંડીમાં રાહત અનુભવી હતી.જયારે સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો વર્તાયો હતો.

ગાંધીનગરમાં ઠંડીની મોસમ જામી છે. નગરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર રહેતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. બે દિવસ અગાઉ ઠંડીએ હદ વટાવતા નગરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે ઠંડીનો મિજાજ હજુ પણ ઉગ્ર છે. લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસથી ૯ ડિગ્રીની આસપાસ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com